


દુર્ઘટનાઓ મામલે પ્રથમવાર મુખ્યમંત્રીએ ભૂલ સ્વીકારી

વાંચો પેજ નં. 3

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 14 June 2024, Friday | Page : 10 | Year : 1 | Issue : 204 | Price: 2/-

## સુપ્રીમમાં વિદ્યાર્થીઓનો વિજય




## NEETમાં ગ્રેસ માર્ક્સવાળા 1563 વિદ્યાર્થીની 23 જૂને ફરી પરીક્ષા


### એક્ઝામ નહીં આપે તો જૂનું રિઝલ્ટ ગ્રેસ માર્ક્સ વગર જાહેર થશે

ભારત હેડલાઈન, તા.૧૩

ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં NEET પરીક્ષામાં ગેરરીતિઓ અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કેન્દ્ર દ્વારા એવી દરખાસ્ત કરવામાં આવી હતી કે ગ્રેસ માર્ક્સ મેળવનાર ૧૫૬૩ ઉમેદવારોના સ્કોરકાર્ડ રદ કરવામાં આવશે. આ પછી, ગ્રેસ માર્ક્સ વિના સ્કોર કાર્ડ જારી કરવામાં આવશે.

કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને કહ્યું-આ ઉમેદવારો માટે ૨૩ જૂને ફરીથી પરીક્ષા લેવામાં આવશે. પરિણામ ૩૦ જૂન પહેલા જાહેર કરવામાં આવશે. જેથી જુલાઈમાં શરૂ થતા કાઉન્સેલિંગને અસર ન થાય અને ૬ જુલાઈની પહેલાથી જ નક્કી કરેલી તારીખથી તમામ બાળકોનું કાઉન્સેલિંગ એકસાથે થઈ શકે. પરીક્ષામાં બેસવા માંગતા ન હોય તેવા ઉમેદવારનું પરિણામ ગ્રેસ માર્ક્સ વિના જૂના સ્કોરકાર્ડના આધારે જ ગણવામાં આવશે. સુપ્રીમ કોર્ટ કેન્દ્રના આ પ્રસ્તાવને ફગાવી દેશે. પરીક્ષામાં ગેરરીતિની ફરિયાદને લઈને ઘણા રાજ્યોની હાઈકોર્ટમાં પિટિશન પણ દાખલ કરવામાં આવી છે. આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ હવે આ ફરિયાદો પર હાઈકોર્ટમાં સુનાવણી નહીં થાય.

## ૪ દિવસ ૪ આતંકી હુમલા... PM મોદીએ બેઠક બોલાવી



### જમ્મુ-કાશ્મીરમાં હુમલાને લઈને ગૃહમંત્રી-NSA સાથે બેઠક


ભારત હેડલાઈન, તા.૧૩

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે એક બેઠક યોજી હતી. જેમાં NSA અજીત ડોભાલ સહિત અનેક સુરક્ષા એજન્સીઓના અધિકારીઓએ ભાગ લીધો હતો. બેઠકમાં પીએમ મોદીને આતંકવાદીઓ વિરુદ્ધ કરવામાં આવનારી કાર્યવાહીની જાણકારી આપવામાં આવી હતી.

PMએ જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા સાથે પણ વાત કરી. તેમણે ત્યાંની સ્થિતિ વિશે માહિતી આપી. આ સિવાય વડાપ્રધાને ગૃહમંત્રી અમિત શાહ સાથે સુરક્ષા દળોની તૈનાતી અંગે પણ વાત કરી હતી.

જમ્મુ-કાશ્મીરના રિયાસી, કઠુઆ અને ડોડામાં છેલ્લા ચાર દિવસમાં ચાર આતંકવાદી ઘટનાઓ બની છે. જેમાં ૯ શ્રદ્ધાળુઓએ જીવ ગુમાવ્યા હતા. જેમાં ૧ જવાન શહીદ થયો હતો અને ૨ આતંકીઓ માર્યા ગયા હતા. ચાર ઘટનાઓમાં ૬ સૈનિકો સહિત કુલ ૪૯ લોકો ઘાયલ થયા છે. કુપવાડામાં શબ્બીર અહેમદ નામના ઓવર ગ્રાઉન્ડ વર્કર (OWG)ની ધરપકડ કરવામાં આવી છે, જે આતંકવાદીઓને મદદ કરી રહ્યો હતો.

## યેદિયુરપ્પા સામે POCSO કેસમાં બિનજામીનપાત્ર અરેસ્ટ વોરંટ ઈશ્યુ




ભારત હેડલાઈન, તા.૧૩

બેંગલુરુની એક અદાલતે ગુરુવાર, ૧૩ જૂને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા વિરુદ્ધ POCSO કેસમાં બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જાહેર કર્યું. પૂર્વ મુખ્યમંત્રી સામે સગીર છોકરીની છેડતી કરવા બદલ FIR નોંધવામાં આવી હતી. મામલો ૨ ફેબ્રુઆરીનો બેંગલુરુનો છે. યેદિયુરપ્પાએ આ કેસમાં કર્ણાટક હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી છે, જેની સુનાવણી શુક્રવારે થશે.

### પૂર્વ મુખ્યમંત્રી પર સગીરના યૌનશોષણનો આરોપ છે

બુધવારે CIDએ તેમને હાજર થવા માટે સમન્સ મોકલ્યા હતા, જેના જવાબમાં તેમના વકીલે એક સપ્તાહનો સમય માગ્યો છે. તેમણે કહ્યું હતું કે તે ૧૭ જૂને પૂછપરછમાં જોડાશે, કારણ કે તેઓ હાલમાં દિલ્હીમાં છે. યેદિયુરપ્પા વિરુદ્ધ POCSO અને 354 (A) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. જોકે કર્ણાટક DIGએ આ કેસ CIDને સોંપી દીધો હતો.



## ફૂડ લાઈસન્સ પુરૂ થઈ ગયુ હોવાં છંતા ફૂડ વિભાગની કૃપાદ્રષ્ટિથી ચાલતું બેરોકટોક પેકિંગ અને વેંચાણ!

# વર્ણીરાજ છાશ પીવાથી સ્વાસ્થ્ય ઉપર ખતરો!

ભારત હેડલાઈન, તા.૧૩

ગ્રાહકને ફૂડ પોઈઝનીંગની અસર થવા છતાં અને ગ્રાહક દ્વારા ફૂડ વિભાગમાં ફરિયાદ કરવા છતાં પેઢીના માલિકના પેટનું પાણી હલતું નથી . કોની રહેમ રાહ..કે કોણ છાવરી રહ્યું છે આ બિન કાયદેસર પેકિંગ વેચાણને માર્ચ ૨૦૨૩માં પુરા થયેલા ફૂડ લાઈસન્સ પુરૂ થઈ ગયુ હતુ તો શુ ફૂડ ડિપાર્ટમેન્ટની રહેમદીલી કે ગાઢ નિંદ્રામાં સુતુ હશે ? શું સાત મહિનાથી તંત્ર ઘોર નિદ્રામાં હતુ? બાબરા અમરેલી ચોકડી પાસેના પુજા રેસ્ટોરેન્ટમાં વેંચાતી વર્ણીરાજ કંપનીની છાસથી લોકોના સ્વાસ્થ્ય ઉપર  રહેલ જોખમને દુર કરવા ફૂડ તંત્રની લાપરવાહી સામે આવી છે. બાબરા અમરેલી ચોકડી પાસેના પુજા રેસ્ટોરેન્ટમાં વેંચાતી વર્ણીરાજ કંપનીની છાશ પીવાથી ગ્રાહકનો ફૂડ પોઈઝનિંગ અસર પણ થતાં ગ્રાહક દ્વારા ફૂડ વિભાગમાં ફરિયાદ કરવામાં આવેલ છે. ફરિયાદ કર્યાના ૭ દિવસ બાદ પણ ફૂડ વિભાગ દ્વારા  લોકોના આરોગ્ય સાથે કરાતા ચેડાં પર કાબુ મેળવવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. વર્ણીરાજ કંપનીની છાશ પીવાથી ફૂડ પોઈઝનીંગની અસરથી પિડિત ગ્રાહકે ફૂડ વિભાગમાં લેખિત ફરિયાદ કરેલ છે. ફરિયાદના ૭ દિવસો બાદ તપાસનીશ અધિકારી દ્વારા તપાસ કરતા વર્ણીરાજ બટર મિલ્ક છાસના ઉત્પાદનમાં ઉપયોગી બનતા સાધનો સ્થળ પરથી બદલી લેવામાં આવ્યાનું સામે આવેલ છે. શું વરણીરાજ બટર મિલ્ક છાશ જેની ઉત્પાદન સનાતન ડેરી ફાર્મ રામાણી શેરી ગોકુલ ચોક મું. ગોખલાણા તાલુકો જસદણ, જી.રાજકોટથી કરવામાં આવે છે. તેમજ ઉત્પાદન કરવામાં નિયમ અને કાયદાની જોગવાઈ પ્રમાણે સનાતન ડેરી ફાર્મના સંચાકલ દ્વારા FSSAI Lic .No 10720019000098 લીધેલ છે. તેની મુદત પુર્ણ થઈ ગયેલ હોવા ઉપરાંત પણ રીન્યુ કરવા આવેલ નથી. તેમજ જે મકાનમાં




છાશનું પેકિંગ યુનિટ ચાલતું હતુ તે મકાનમાં પીજીવીસીએલના કર્મચારી ભાડે રહેતા હોવાની મુળ માલિકની કબૂલાત, તો શુ વીજચોરીમાં કોઈ અધિકારીની મેલી મુરાદ! અને આ સંચાલન દ્વારા ખાધ ચીજોનું ઉત્પાદન કરી ગ્રાહકોને વહેંચાણ કરવામાં છે. તે અંગે ફૂડ તંત્ર જાણને લેખિત ફરિયાદ કર્યા ઉપરાંત પુરાવાઓ પણ ફરિયાદી રજુ કરેલ છે. તેમ છતાં ફૂડ તંત્ર દ્વારા આ સંચાલક સામે જરૂરી કોઈ કાર્યવાહી કરેલ નથી તો પ્રજા અને આસપાસના લોકો અને ગ્રાહકોમાં છાશની પેકીંગમાં ઉત્પાદન તારીખ અને એક્સપાયરી ડેટ છાપ્યા વગરની જાહેરમાં છાશ વેંચી આસપાસની જાહેર જનતાનું આરોગ્ય જોખમમાં મુકે છે. તો આ સંચાલક અને ફૂડ વિભાગ શું સિક્કાની બે બાજુ છે. કારણ કે ગ્રાહકે ફરિયાદમાં આધાર પુરાવો રજુ કરવા છતાં પણ ફૂડ તંત્રને લોકો અને ગ્રાહકોની કોઈ પરવા નથી.



## દુર્ઘટનાઓ મામલે પ્રથમવાર મુખ્યમંત્રીએ ભૂલ સ્વીકારી

# ક્યાંક ને ક્યાંક આપણી ભૂલ છે, સૌથી પહેલી પ્રાયોરિટી માણસનો જીવ હોવો જોઈએઃ ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રીએ કહ્યું કે, અધિકારી હોય કે પદાધિકારી, સમાધાન ન હોવું જોઈએ

ભારત હેડલાઈન, તા.૧૩

છેલ્લા પોણાબે વર્ષમાં ગુજરાતમાં ત્રણ-ત્રણ દુર્ઘટનાઓ બની છે, જેમાં મોરબી પુલ દુર્ઘટના, હરણી બોટકાંડ અને રાજકોટ અગ્નિકાંડનો સમાવેશ થાય છે. આ ત્રણેય ઘટના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના કાર્યકાળમાં બની છે. એમાં પણ રાજકોટ અગ્નિકાંડ બાદ સરકારની કામગીરી પર સવાલો ઊઠી રહ્યા છે, ત્યારે આજે મુખ્યમંત્રીએ પહેલીવાર વિકાસકાર્યો અને એમાં રહી જતી ખામીઓનો સ્વીકાર કર્યો હતો. માત્ર એટલું જ નહીં, પ્રજાની ફરિયાદો સાંભળવા માટે પણ અધિકારીઓને તાકીદ કરી હતી. ઈખ ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે માનવજીવનની સુરક્ષાને સૌથી પહેલી પ્રાયોરિટી આપવી જોઇએ. માનવજીવન સુરક્ષા સંદર્ભમાં કોઈ સમાધાન ન હોવું જોઈએ.

મુખ્યમંત્રીએ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને વિકાસકામો માટેની ગ્રાન્ટના કુલ ૨૧૧૧ કરોડ રૂપિયાના ચેક વિતરણ અવસરે સંબોધન કરતાં કહ્યું હતું કે રાજકોટની બીના બન્યા પછી આપણને એમ થાય કે આટલું બધું કામ કરીએ છીએ છતાં ક્યાંક ને ક્યાંક આપણી ભૂલ થાય છે, કેવી રીતે થાય છે? એ આજે સૌથી પહેલી પ્રાયોરિટી માણસના જીવ માટેની હોવી જોઇએ, એમા કોઈ જાતનું સમાધાન કોઈ પક્ષે અધિકારી હોય કે પદાધિકારી હોય, બેમાથી કોઈ પક્ષે સમાધાન ન હોવું જોઈએ.તો જ એમાથી નીકળાશે તેમજ ગેમ ઝોન માટેની એસઓપી પણ બનાવી દીધી છે અને પબ્લિક ડોમેઈનમાં પણ મૂકી દીધી છે, જેથી પબ્લિકને પણ પૂછી લઈએ કે હજુ ઉમેરવા જેવું કંઈ લાગતું હોય તો ઉમેરીએ, જેથી કરીને આવી કોઈ ઘટના ફરી ન બને. એના માટે આપણે સૌએ ધ્યાન રાખવાનું છે, વિકાસ અને વિકાસની પાછળ દોટ મૂકીએ અને જેના માટે વિકાસ કરી રહ્યા છીએ એનું જો ધ્યાન ન રાખીએ તો એ આપણા માટે કોઈ ઉપયોગી ન થઈ શકે એવું બને.

મુખ્યમંત્રી પટેલે નગરપાલિકાઓ-મહાનગરપાલિકાઓને વિકાસકામો માટે નાણાંની કોઈ કમી નરેન્દ્રભાઈના સુશાસનમાં રહી જ નથી એનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

## ‘મીડિયા ક્રિટીસાઇઝ નથી કરતું, પણ ભૂલો બતાવી જાગ્રત કરે છે’

‘જે નાની ફરિયાદો પ્રજાજનોમાંથી આવે છે તેનો ઉકેલ કરવા વિચાર કરી શકાય. હવે તો સીધો વીડિયો બનાવીને જ મોકલી દે છે કે જુઓ આ વીડિયો કામ થઈ રહ્યો છે. પબ્લિક તમને મોકલે છે તેના પર ધ્યાન આપશો તોપણ ઘણું મોનિટરિંગ થઈ જાય છે. ઓફિસમાં તમાકુ ખાતા હોય તેના પર ઓફિસ અવર્સમાં પ્રતિબંધ મૂકવો જોઈએ. મીડિયા કહેશે તો આપણને ક્રિટીસાઇઝ જેવું લાગે છે, એ ક્રિટીસાઈઝ નથી કરતા, પણ નાની નાની ભૂલો બતાવી જાગ્રત કરે છે.’

રાજકોટની ટીઆરપી ગેમ ઝોન ઘટનામાં મૃત્યુ પામેલ મૃતકોની પ્રથમ માસિક પુણ્યતિથી તા. ૨૫ જુનના રોજ તેમને શ્રદ્ધાંજલિ પાઠવવા અને પીડિત પરિવારજનોને ન્યાય અપાવવા

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા 25મીએ રાજકોટ બંધનું એલાન

ભારત હેડલાઈન, તા.૧૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર વાર્તાને સંબોધતા ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય અને કાર્યકારી પ્રદેશ પ્રમુખશ્રી જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, રાજકોટ અગ્નિકાંડને ૧૪ દિવસ કરતા વધુ સમય થયો, હું ૧૪ દિવસ રાજકોટ જ હતો ત્યાં પીડીતોના પરિવારની વેદના સાંભળી, પ્રાર્થના સભામાં ભાગ લીધો, શ્રધ્ધાંજલીના કાર્યક્રમો આપ્યાં, પીડીતો માટે મૌન પાળ્યું, પત્રિકા વિતરણ કરી, લોકસંપર્ક કર્યો, અનેક મીડીયા મિત્રો - પત્રકાર મિત્રો સાથે અગ્નિકાંડ વિશે વાત કરી, અગ્રણી નાગરિકો અને બુધ્ધિજીવીઓને મળ્યા, સમગ્ર રાજકોટનું એકસુરે આજની તારીખે એવુ માનવું છે



કે, અગ્નિકાંડમાં પણ તક્ષશીલાકાંડ અને મોરબી કાંડની માફક ન્યાય મળવાનો નથી. આખુ રાજકોટ એકસુરે આ વાત કહી રહ્યું છે. રાજકોટના રહેવાસીઓ અને પીડીત પરિવારજનો એવુ એટલા માટે માની રહ્યાં છે કે અગાઉ તક્ષશીલા કાંડ, શ્રેય હોસ્પિટલ કાંડ, રાજકોટમાં કોરોના દરમ્યાન સ્વર્ણ હોસ્પિટલમાં લાગેલ આગમાં આઠ લોકોના મૃત્યુ પામ્યાની ઘટના અને વડોદરાની અગ્નિકાંડની ઘટના આવી એકપણ ઘટનામાં રાજ્યની સરકારે અને પોલીસે કસુરવાર મોટા અધિકારીઓ અને ભારતીય જનતા પાર્ટીના ભ્રષ્ટ નેતાઓની ક્યારેય ધરપકડ કરી નથી અને એના કારણે આજે રાજકોટ શહેરમાં પીડીત પરિવારોમાં એવી લાગણી પ્રવર્તે છે આ કિસ્સામાં એમને કોઈપણ સંજોગોમાં ન્યાય મળવાનો નથી.આગામી તારીખ ૧૫ ના રોજ પોલીસ કમિશનર કચેરીએ મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ અને મૃતકના પરિવારોજનો આવેદનપત્ર આપશે. સાથે જ રાજકોટની ટીઆરપી ગેમ ઝોન ઘટનામાં મૃત્યુ પામેલ મૃતકોની પ્રથમ માસિક પુણ્યતિથી તારીખ ૨૫ જુનના રોજ તેમને શ્રદ્ધાંજલિ પાઠવવા અને પીડિત પરિવારજનોને ન્યાય અપાવવા શાંતિપ્રિય રીતે રાજકોટ બંધનું એલાન આપવામાં આવેલ છે.

## કોર્ટમાં સફાઈ કરતી વખતે ૩૨ વર્ષિય અક્ષય સોઢા ઢળી પડયોઃ હાર્ટએટેકથી બે મોત

- રામનાથપરામાં રહેતો કારખાનાનો શ્રમિક ૨૬ વર્ષિય દેવ આશિષ પાત્રા રાત્રે સુતા બાદ સવારે ઉઠ્યો જ નહીં



ભારત હેડલાઈન, તા.૧૩

શહેરમાં હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આજે વધુ બે ના હૃદય થંભી ગયા હતા. નવી કોર્ટ બિલ્ડિંગમાં સફાઈ કર્મીનું અને રામનાથપરાના યુવકનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. બનાવની વિગત અનુસાર જામનગ રોડ, વાલ્મિકી આવાસ યોજના કવાર્ટરમાં રહેતાં અક્ષયભાઈ વિજયભાઈ સોઢા (ઉ.વ.૩૨) નામનો યુવક રાજકોટમાં નવી કોર્ટમાં સફાઈ કામદારની નોકરી કરતો હતો. આજે સવારે નવેક વાગ્યાની આસપાસ નવી કોર્ટ બિલ્ડિંગમાં સફાઈ કામ કરી બેલીફ રૂમમાં ખુરશી પર બેઠો હતો ત્યારે અચાનક ખુરશી પર બેભાન થઈ ગયો હતો. બાદ બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. યુવકનું હર્ટ એટેક આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. તેઓ ૧૫ વર્ષથી સફાઈ કામદારની નોકરી કરતો હતો. તેઓ બે ભાઈમાં નાના હતાં. એક ના એક દિકરાએ પિતાની છત્રછાયા ગુમાવતા તેઓનાં પરિવારમાં કલ્પાંત છવાયો છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. વધુ એક બનાવની વિગત મુજબ રામનાથપરા શેરી નં-૬ માં રહેતો દેવ આશિષ બૈદ્યનાથ પાત્રા (ઉ.વ.૨૬) નામનો યુવક ગઈ કાલે રાત્રે સુતા બાદ સવારે ઉઠ્યો જ નહી. તેના પરિવારજનોએ જગાડવાનો પ્રયત્ન કરતાં છતાં ન ઉઠતાં યુવકને બેભાન હાલતમાં સવારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે હાર્ટ એટેકથી મોત થયાનું જણાવતા મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. મૃતક ક્રિષ્ના ગોલ્ડ કાસ્ટીંગમાં કામ કરતો હતો. મૃતક બે ભાઈ અને બે બહેનમાં નાનો હોવાનું તેઓનાં પરિવાજનોએ જણાવ્યુ હતું.



## વધુ ૧૦૨ ધંધાર્થી પાસેથી ૧૩ કિલો પ્લાસ્ટિક જપ્ત

- ગંદકી કરવા બદલ રૂા. ૨૮ હજારનો દંડ ફટકારાયો

ભારત હેડલાઈન, તા.૧૩

શહેરના જુદા જુદા વિસ્તારમાં ૧૦૨ ધંધાર્થી પાસેથી મનપાએ વધુ ૧૩ કિલો પ્લાસ્ટીક જપ્ત કરીને ગંદકી કરવા સહિતના કારણો સબબ રૂા. ૨૮ હજારનો દંડ વસુલ કર્યો છે. સેન્ટ્રલ ઝોનના મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૨ આસામીઓ પાસેથી ૭ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૧૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનમાં ૩૧ આસામીઓ પાસેથી પોણા ચાર કિલો પ્લાસ્ટીક જપ્ત કરી રૂા. ૯૩૦૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો. જયારે ઈસ્ટ ઝોનમાં ૨૯ આસામીઓ પાસેથી સવા બે કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરનારાને રૂા. ૭૬૫૦નો દંડ કરાયો છે.આ કામગીરી કમિશ્નર અને ડે.કમિશ્નરની સૂચનાથી પર્યાવરણ વિભાગની ટીમ કરી રહી છે.

### આરોપીઓના ગજવામાંથી મૃતકના પરિવારોને વળતર આપો

# TRP ગેમઝોનના ઉદ્ઘાટનમાં ગયેલા તમામ અધિકારીઓ સામે કાર્યવાહી થવી જોઇએ : હાઇકોર્ટ આકરા પાણીએ

- નિયમ પાલન ન થતા ઘટના બની છે : આજે ત્રીજી વખતની સુનાવણીમાં અધિકારીઓ લાઇનમાં હાજર રહ્યા
- મ્યુનિસિપલ કમિશ્નરોના સોગંદનામા ફગાવ્યા : ૧૫ દિવસમાં તપાસ રીપોર્ટ માંગ્યો : હાઇકોર્ટ કંઇ ચલાવી નહીં લે-ગર્ભિત ટકોર



ભારત હેડલાઇન, તા.૧૩

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં ગુજરાત હાઇકોર્ટ આકરા પાણીએ હોય તેમ આજે સુનાવણી દરમ્યાન એમ કહ્યું હતું કે ગેમ ઝોનના ઉદઘાટનમાં હાજર રહેલા તમામ અધિકારીઓ સામે કાર્યવાહી થવી જોઇએ. કોર્પોરેશને જવાબદારી યોગ્ય રીતે નિભાવી નથી. હાઇકોર્ટ કાંઇ પણ ચલાવી નહીં લે કોર્પોરેશનના કમિશ્નરો દ્વારા કરવામાં આવેલા સોગંદનામા પણ હાઇકોર્ટે ફગાવી દીધા હતા અને ૧૫ દિવસમાં તપાસ રીપોર્ટ રજૂ કરવાની સૂચના આપી હતી.

ગુજરાત હાઇકોર્ટમાં રાજકોટના અગ્નિકાંડની કરૂણ ઘટનાની તપાસ ચાલી રહી છે ત્યારે આજે હાઇકોર્ટમાં સુનાવણી વચ્ચે પીઆઇએલ કરનાર અમિત પંચાલે મહત્વની દલીલ કરી હતી. અરજદાર દ્વારા મૃતકોના પરિવારોને આરોપીઓના ખિસ્સામાંથી વળતર ચૂકવવામાં આવે તેવી વાત કરવામાં આવી છે.

એડવોકેટ અમિત પંચાલે જણાવ્યું હતું કે કોર્ટના નિર્દેશોનું પાલન ન થતા આ ઘટના બની છે. જેથી આરોપીઓના ગજવામાંથી વળતર ચુકવવું જોઇએ. હાઇકોર્ટમાં એવી વાત રજૂ થઇ છે કે બીયુ પરમીશન વગર બિલ્ડીંગમાં ઇલેકટ્રીક જોડાણ આપવા ન જોઇએ અને નિયમનું પાલન ન થાય તો કડક પગલા લેવા જોઇએ પરંતુ તેનો અમલ થતો નથી.

૨૭ લોકોને ભરખી જનાર રાજકોટ અગ્નિકાંડ મુદ્દે આજે ગુજરાત હાઇકોર્ટમાં સુનાવણી હતી. હાઇકોર્ટ સુઓમોટો પર ત્રીજીવાર સુનાવણી કરી રહી છે. ચીફ જજ સુનિતા અગ્રવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ સુનાવણી થઇ છે. જુદી જુદી મહાનગર પાલિકાના વકીલ, એડવોકેટ જનરલ, એડિશનલ એડવોકેટ જનરલ, જીએચએએ પ્રમુખ, ફાયર ઓફિસરો વગેરે કોર્ટમાં ઉપસ્થિત છે.

પહેલીવાર ૨૭ મેના રોજ હાઇકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ૨૬ મેના રોજ રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ મુદ્દે રવિવારે ગુજરાત હાઇકોર્ટે સુઓમોટો લીધી હતી. સ્પેશિયલ જજ બીરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈની બેન્ચ બેસી હતી. હાઇકોર્ટ એડવોકેટ એસા.ના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી અને અમિત પંચાલ દ્વારા દલીલો કરવામાં આવી હતી.

હાઇકોર્ટે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ગેમ ઝોનના કેવા નિયમો છે તે અંગે સબમિશન આપવા આદેશ આપ્યો હતો. ત્યારે ૨૭ મેના રોજ હાઇકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અરજદાર અમીત પંચાલ, રાજ્યના સરકારી વકીલ, જુદી જુદી કોર્પોરેશનના સરકારી વકીલ, અમદાવાદ ફાયર વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. જજ બિરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈ સમક્ષ સાડા ચાર કલાક સુનાવણી ચાલી હતી. કોર્ટે સરકારથી લઈ સ્થાનિક ઓથોરિટીઓની ઝાટકણી કાઢી હતી.

## ન્યૂસન્સ જેવા ૨૧૦ બિનવારસી વાહનો મનપાએ શોધી કાઢ્યા

ભારત હેડલાઇન, તા.૧૩



ટીઆરપી ગેમઝોન દૂર્ઘટના બાદ સરકારી તંત્ર સાબદુ થઈ ગયું છે. દરેક વિભાગ દ્વારા આગની દૂર્ઘટના અંગેના પોઈન્ટ માટેના નિયમોની અમલવારી કરાવવાની હોડ લાગી હોય તેમ પર્યાવરણ વિભાગે પણ હવે આ બાબતે જંપ લાવી શહેરમાં અનેક સ્થળે વર્ષોથી પડેલા બીનવારસી વાહનોને ઠેકાણે પાડવાની કાર્યવાહી શરૂ કરી છે. મહાનગરપાલિકા દ્વારા બિનવારસી વાહનોની આસપાસ અને વાહનોની નીચે કચરો એકઠો થતો હોય આગની દૂર્ઘટના થવાની ભીતી હોવાનું તારણ કાઢી ૧૮ વોર્ડમાં આ પ્રકારના બીનવારસી વાહનોનું લીસ્ટ બનાવી ૨૧૦ વાહનોને જપ્ત કરવા માટે પોલીસ વિભાગને પત્ર પાઠવવામાં આવ્યો છે. રાજકોટ શહેરમાં મુખ્ય માર્ગો તેમજ શેરીઓ અને સોસાયટીઓમાં ભંગાર હાલતમાં માલીકીના અથવા બિનવારસી વાહનો અનેક સ્થળે નજરે પડી રહ્યા છે. આ પ્રકારના વાહનો ટ્રાફિક સમસ્યાની સાથો સાથ આગની દૂર્ઘટનાનો ભાગ પણ બની શકે છે તેવું મનપાના પર્યાવરણ વિભાગના ધ્યાનમાં આવ્યું છે. શહેરના તમામ વોર્ડમાં કચરો સાફ કરતા સફાઈકામદારો દ્વારા વર્ષોથી ફરિયાદો કરવામાં આવી રહી છે. કે તેમના વિસ્તારોમાં બિનવારસી પડેલા વાહનોના કારણે સરખી સફાઈ થતી નથી. તેવી જ રીતે આ વાહનોના નીચે એકઠા થતાં કચરામાં આગ લાગે ત્યારે વાહન સળગવાની સાથો સાથ આજુબાજુમાં રહેણાકના મકાનો પણ આગની લપેટમાં આવી જવાની ભીતી સેવાઈ રહી છે. આથી હાલની દૂર્ઘટના મુદ્દે જે ચેકીંગ ચાલુ કરવામા આવ્યું છે. તેમાં આ પ્રકારના બિનવારસી વાહનોનો પણ સમાવેશ કરાયો છે.

## કોઠારીયામાં ૧૦ વર્ષીય બાળકનો ઝાડા-ઉલ્ટીએ ભોગ લીધોઃ મોત

- જન્મથી જ મનોદિવ્યાંગ વિરેન સાગઠીયા બે દિવસથી બિમાર હતોઃ પરીવારમાં આક્રંદ



ભારત હેડલાઇન, તા.૧૩

કોઠારીયામાં ૧૦ વર્ષીય બાળકને ઝાડા-ઉલ્ટી થયા બાદ ટુંકી સારવારમાં મોત નિપજતાં પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી બાળક જન્મથી જ માનસીક દિવ્યાંગ હોવાનું સામે આવ્યું હતું. પ્રાપ્ત વિગત મુજબ, કોઠારીયા ગામમાં રહેતો વિરેન અનીલભાઈ સાગઠીયા (ઉ.વ.૧૦) ગઈ રાતે ૧૦ વાગે પોતાના ઘરે બે ભાન થયા બાદ સારવારમાં અત્રેની સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.જયાં ટુંકી સારવારમાં તેમનું મોત નિપજયું હતું. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો. અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. વધુમાં મળેલ વિગત મુજબ મૃતક બાળક જન્મથી જ મનો દિવ્યાંગ હતો તેમના પિતાનું બે વર્ષ પહેલાં અવસાન થયા બાદ તેની માતા પણ તેને છોડી જતી રહી હતી.જે બાદ તે મોટાબાપુ સાથે રહેતો હતો. બાળકને બે દિવસથી ઝાડા-ઉલ્ટીની બીમારીમાં સપડાયો હતો.જેમની સારવાર પણ ચાલતી હતી ત્યાં જ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. મૃતક એક ભાઈ બહેનમાં નાનો હતો. બનાવથી પરીવારમાં કલ્પાંત છવાયો હતો.

# રાજકોટ જીવનનગર મહાદેવધામમાં જલાભિષેકનો પ્રારંભ કરાયો

- જીવનનગર સમિતિના કાર્યો સમાજ માટે પ્રેરણાસ્તોત્ર : દંડક મનિષભાઈ રાડીયા



ભારત હેડલાઇન, તા.૧૩

જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ અને મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે દાતાઓની મદદથી મહાદેવધામમાં પાણીની સમસ્યા હલ કરવા બોરવેલ કરાવતા ૨૦ ફુટે અમાપ પાણીનો પ્રવાહ આવતા જલાભિષેક સાથે પાણીના પરબનો પ્રારંભ થયો હતો. રાજયમાં સમિતિની પ્રવૃત્તિઓ પ્રાણીમાત્રનું કલ્યાણ તરફ દોરી જાય છે. રહીશોની એકતાના કારણે છેલ્લા ૪૨ વર્ષ અવિરત સકારાત્મક કાર્યો ચાલે છે. રાજકોટ મહાનગરપાલિકાના દંડક મનિષભાઈ રાડીયાએ બોરવેલનો પ્રારંભ કરાવી મંગલ કાર્યોનું ઉદ્દઘાટન કર્યું હતું. વર્ષોથી આ વિસ્તારમાં સમિતિ અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે તેનો સાક્ષી છું. સકારાત્મક અભિગમે લોકહૃદયમાં સ્થાન લીધું છે. જયંત પંડયાના નેતૃત્વના કારણે રહીશોને લાભ મળે છે. દાતાઓને અભિનંદન પાઠવ્યા હતા.મહાદેવધામના સહ વ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ અને વિજયભાઈ જોબનપુત્રાની રાહબરી નીચે ભગવાન શિવ માટે જલાભિષેક સાથે પાણીનું પરબ લોકોપયોગી સાબિત થશે. મંદિરની સ્થાપનાથી આજ દિન સુધી દાતાઓએ પીછેહઠ કરી નથી તેનું ગૌરવ છે. માનવ ધર્મને સમિતિ અનુસરે છે. મંદિરમાં સવારના પાંચથી શ્રદ્ધાળુઓ આવે છે. સમિતિના પ્રમુખ જયંત પંડયાએ જણાવ્યું કે રાજકોટ રૈયા રોડ ઉપર મહાદેવધામે તેના કાર્યોને કારણે પ્રશંસા મેળવી છે. જાતિવાદ, જ્ઞાતિવાદ કે કોમવાદને કોઈ સ્થાન નથી તે મુજબ પ્રવૃત્તિઓમાં લોકો જોડાય છે. રાજયમાં સમિતિએ આગવું સ્થાન લીધું. મહિલા મંડળની પ્રશંસા કરવામાં આવી હતી. રાજુભાઈ બગડાઈ, હર્ષદભાઈ વ્યાસ, સતિષભાઈ ગોહેલ, ધીરૂભાઈ કક્કડ વિશેષ નોંધ લીધી હતી. મંદિરમાં વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, પંકજભાઈ મહેતા, વિજયભાઈ જોબનપુત્રા, અંકલેશ ગોહિલ, મુકેશભાઈ પોપટ, સતિષભાઈ ગોહેલ, મહિલા મંડળના યોગિતાબેન જોબનપુત્રા, શોભનાબેન ભાણવડિયા, આશાબેન મજેઠીયા, સુનિતાબેન વ્યાસ, હર્ષાબેન પંડયા, ભારતીબેન રાવલ, ભારતીબેન ગંગદેવ, પ્રફુલ્લાબેન બોરીચા વિગેરે મહિલા મંડળના સદસ્યોના કારણે પ્રવૃત્તિઓ ધમધમે છે જે અભિનંદનને પાત્ર છે. મંદિરમાં આગામી મોળાકાત, જયા પાર્વતી વ્રત સાથે કરાઓકે સંગીત સંધ્યાનો અદ્દભુત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# જ્યુબેલી, ગાયત્રીનગર, રામાપીર ચોકડી સહિતના રસ્તેથી ૩૮ રેંકડી-કેબીન ઉપાડી લેવાયા



ભારત હેડલાઇન, તા.૧૩

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૧ થી ૮ દરમ્યાન જુદા જુદા વિસ્તારોમાંથી ૩૮ રેંકડી, ૧૮૧ પરચુરણ સામાન, ૩૮૫ કિલો શાકભાજી અને મંજૂરી વગરના ૨૫૫ બોર્ડ-બેનર જપ્ત કરવામાં આવ્યા હતા. અંબીકા ટાઉનશીપ,કાલાવડ રોડ,યુનિ. રોડ ,સ્પિડવેલ ચોક સુધી,સાધુવાસવાણી રોડ,ઢેબર રોડ,જામનગર રોડ,ટાગોર રોડ,રેસકોર્ષ રિંગરોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ પરથી ૨૫૫ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે શહેરના જ્યુબેલી માર્કેટ, જામનગર રોડ, ગુંદાવાડી, ગાયત્રીનગર મેઈન રોડ,આહીર ચોક મવડી મેઈન રોડ, પુષ્કરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ,રામાપીર ચોકડી પાસેથી રસ્તા પર નડતર રૂપ ૩૮ રેકડી, કેબીન જપ્ત કરવામાં આવી હતી, જ્યોતિનગર, નાણાવટી ચોક, પંચાયત ચોક, ગોવિંદબાગ, નાના મૌવા મેઈન રોડ, આનંદબંગલા ચોક ,અર્ટીકા, રવિરત્ન પાર્ક, માધાપર ચોકડી, જામનગર રોડ, કોર્ટ ચોક, ગાયાત્રીનગર, હોસ્પિટલ ચોકડી પરથી જુદીજુદી અન્ય ૧૮૧ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરાઈ હતી. જયારે જંક્શન રોડ,જ્યુબેલી, પંચાયત ચોક, રામાપીર ચોકડી, પુષ્કરધામ મેઈન રોડ,માધાપર રિંગ રોડ,લક્ષ્મિનગર નાલા પાસેથી ૩૮૫ કિલો શાકભાજી, ફળ જપ્ત કરી પુષ્કરધામ મેઈન રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ, નંદનવન, મવડી વિસ્તાર, મટકી ચોક, સ્વામીનારાયાણ ચોક પરથી રૂ.૧૭,૫૦૦ મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરાયું હતું. જયારે કોઠારીયા રોડ, મોરબી રોડ, ભાવનગર રોડ, કુવાડવા રોડ ૮૦ફુટ રોડ, અર્ટિકા ફાટક, જામનગર રોડ, ટાગોર રોડ, આનંદબંગલા ચોક, મવડી મેઈન રોડ, આહિર ચોક પરથી રૂ.૭,૫૦૦ વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

# પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના શૈલેષભાઈ ગોહિલને બઢતી મળતાં વિદાયમાન અપાયું

ભારત હેડલાઇન, તા.૧૩

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે સહાયક અધિક્ષક તરીકે કાર્યરત શૈલેષભાઈ ગોહિલને જિલ્લા માહિતી કચેરી, મોરબી ખાતે અધિક્ષક તરીકે બઢતી મળતાં સંયુક્ત માહિતી નિયામક મિતેષભાઈ મોડાસિયાના અધ્યક્ષસ્થાને તેમનો વિદાયમાન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શૈલેષભાઈ ગોહિલને શ્રીફળ આપીને તથા શાલ ઓઢાડીને અદકેરું સન્માન કરવામાં આવ્યું હતું. સંયુક્ત માહિતી નિયામક મિતેષભાઈ મોડાસિયાએ પ્રાસંગિક ઉદબોધનમાં 'કાર્યનિષ્ઠાને વરેલા માણસ' તરીકે તેમની વહીવટી કામગીરીને બિરદાવી હતી. તેમજ નાયબ માહિતી નિયામકશ્રી પ્રશાંતભાઈ ત્રિવેદી, સહાયક માહિતી નિયામકઓ (સંપાદન) સોનલબેન જોશીપુરા અને પ્રિયંકાબેન પરમાર તથા રઝાકભાઈ ડેલા અને કર્મચારીઓએ તેમનાા કાર્યકાળ દરમ્યાનના યાદગાર સંસ્મરણો વાગોળીને બઢતી મળવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. નોંધનીય છે



કે શૈલેષભાઈ રાજકોટ, ઉના, સુરેન્દ્રનગર, જૂનાગઢની કચેરીઓમાં સેવક, જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક અને સહાયક અધિક્ષક તરીકે ઉત્તરોત્તર પ્રગતિ સાથે જાહેરખબર, પત્રકારો સાથે લાયેઝનિંગ સહિતની ફરજ ૩૨ વર્ષથી સુપેરે નિભાવી રહ્યાં છે. આ કાર્યક્રમનું સંચાલન કેમેરા ઓપરેટરશ્રી કેતનભાઈ દવેએ પોતાની આગવી શૈલીમાં કર્યું હતું. આ તકે કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બીમારીથી પીડાતા પ્રૌઢનું હાર્ટએટેકથી મોત

ભારત હેડલાઇન, તા.૧૩

શહેરના યુનિવર્સિટી રોડ પર શિવ શક્તિ કોલોનીમાં રહેતા અને રિક્ષા હંકારી પરિવારનું ગુજરાન ચલાવતા પ્રફુલભાઈ કનુભાઈ પરમાર નામના ૪૨ વર્ષીય પ્રૌઢને ગઈકાલે હૃદય રોગનો હુમલો આવી જતાં મોત નીપજ્યું હતું પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકને વાલની બીમારી હતી. પાંચ વર્ષ પહેલાં બાયપાસ સર્જરી કરાવી હતી તેમજ તેમને લિવર અને કિડનીની તકલીફ હોવાથી સારવાર ચાલતી હતી તે એકલવાયુ જીવન જીવતાં હતાં.

# જન્માષ્ટમીના લોકમેળા માટે સમથળ જગ્યા મળતી નથી : જિલ્લા કલેક્ટર

## અટલ સરોવર, કણકોટ સહિતના ત્રણ સ્થળો પર વિઝીટઃ સેફટીને ધ્યાનમાં રાખી મોટી જગ્યા શોધવામાં આવી રહી છે : રાઈડ્સના નવા નિયમોની કડક અમલવારી થશે




ભારત હેડલાઇન, તા.૧૩

રાજકોટ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા જન્માષ્ટમીના ભાતીગળ લોક મેળા માટે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડના પગલે સાવચેતીના પગલા રૂપે આ લોકમેળા માટે નવી જગ્યાની પસંદગી કરવા કવાયત શરૂ કરવામાં આવેલ છે. આ અંગે જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે આગામી ઓગષ્ટ માસમાં યોજાનારા આ લોકમેળા માટે નવા સ્થળની પસંદગી કરવા માટે નવા દોઢસો ફુટ રીંગ રોડ પરના અટલ સરોવર પાસે તેમજ કણકોટની એન્જીનીયરીંગ કોલેજ નજીક સહિતના ત્રણ સ્થળોએ વિઝીટ કરી લેવામાં આવી છે.પરંતુ લોકમેળા માટે સમથળ જગ્યા મળતી નથી જેથી નવી જગ્યા માટે શોધખોળ શરૂ રાખવામાં આવી છે. જે જગ્યા મળી રહી છે તેને સમથળ કરવામાં મોટો ખર્ચ થાય તેમ છે તેમ પણ જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું. લોકમેળા માટે આગામી ટુંક સમયમાં જ જગ્યા ફાઈનલ કરી દેવામાં આવનાર છે. આ ઉપરાંત લોકમેળામાં રાઈડ્સ માટે પણ સરકારના નવા નિયમો ગાઈડલાઈનની ચુસ્તપણે અમલવારી કરવામાં આવશે તેમ પણ કલેક્ટરે જણાવ્યું હતું.

# નીલ્સ સંજયરાજ ગ્રુપ દ્વારા ધારી ખાતે ધ ફર્ન વિસ્ટેરીયા રિસોર્ટસ ખુલ્લો મુકાયો

- **પ્રકૃતીના ખોળે આધુનિક આવિષ્કારો સાથે આતિથ્યને આવકારવા અમો આતુર છીએ : સ્વરાજ રાજયગુરુ**




ભારત હેડલાઇન, તા.૧૩

છેલ્લા પાંચ દાયકા કરતા પણ વધારે સમયથી રિયલ એસ્ટેટ અને હોસ્પિટાલિટી ક્ષેત્રે નામના મેળવનાર ગુજરાતના જાણીતા બિઝનેસ હાઉસ 'નીલ્સ સંજયરાજ ગ્રુપ' તથા સ્વરાજ ઈન્દ્રનીલભાઈ રાજયગુરૂ દ્વારા અમરેલીના ધારી વિસ્તારમાં સૌ પ્રથમ વખત અદ્યતન સુવિધાઓ ધરાવતા ધ ફર્ન હોટલ એન્ડ રિસોર્ટસનું ભવ્યાતિભવ્ય નિર્માણ કરવામાં આવ્યું છે.

નીલ્સ સંજયરાજ ગ્રુપ'ની સ્થાપના ૧૯૬૫માં સંજયભાઈ રાજયગુરુ દ્વારા રાજકોટમાં કરવામાં આવી હતી. 'નીલ્સ સંજયરાજ ગ્રુપ' અલગ અલગ બિઝનેસમાં પાંચ દાયકાથી વધુ સમયથી સફળતાપૂર્વક પોતાનો વિસ્તાર કરી રહ્યું છે. અનેક વર્ષોની મહેનત અને સતત ગ્રાહકોને પોતાની સેવાઓથી સંતુષ્ટ કરી તેમનો વિશ્વાસ જીતવાના લક્ષ્ય સાથે આજે 'નીલ્સ સંજયરાજ ગ્રુપ' કોર્પોરેટ જગતમાં સૌથી પ્રખ્યાત અને આદરણીય નામ બની ગયું છે. હાલ આ ગ્રુપનું નેતૃત્વ ગુજરાતનાં જાણીતા ઉદ્યોગપતિ, સમાજસેવી અને રાજકીય નેતા 'ઈન્દ્રનીલ રાજયગુરૂ' દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવી રહ્યું છે. ધ ફર્ન હોટલ એન્ડ રિસોર્ટસ, ભારતની અગ્રગણ્ય અને પર્યાવરણની દષ્ટીએ સંવેદનશીલ હોટલ ચેઈન તરીકે જાણીતું નામ છે. ભારતમાં સૌથી ઝડપથી વિકસતી હોટલ બ્રાન્ડમાની એક છે. જેમાં હાલ ૧૦૦ થી વધુ હોટલ અને રિસોર્ટસ કાર્યરત છે. ટૂંક સમયમાં ૯૦ થી વધુ સ્થાનો પર ધ ફર્ન રેસીડેન્સી ખુલશે. ગુજરાતમાં જાણીતા ફર્ન ગ્રુપ બિઝનેસ ગ્રુપ 'નીલ્સ સંજયરાજ ગ્રુપ' સાથે મળીને અમરેલી જીલ્લાના ધારી ખાતે 'ધ ફર્ન વિસ્ટેરીયા રિસોર્ટસ' ખુલ્લો મુકતા હર્ષ અનુભવી રહ્યું છે. આ સાથે ફર્ન ગ્રુપની હોટલ એન્ડ રિસોર્ટસની સંખ્યા ૨૭ ની થઈ છે. અમરેલી જીલ્લાના આંબરડી સફારી પાર્કની પૃષ્ઠભુમીમાં શરૂ થયેલ ધ ફર્ન વિસ્ટેરીયા રિસોર્ટસ ધારી રેલવે સ્ટેશનથી માત્ર ૬ કિ.મી., ધારી બસ સ્ટેન્ડથી ૮ કિ.મી., અમરેલી બસ સ્ટેન્ડથી ૫૩ કિ.મી અને રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટથી ૧૭૦ કિ.મી. દુર છે. આ રિસોર્ટસમાં સુંદર અને આકર્ષક ડિઝાઈન કરેલા ૩૦ જેટલા વિલા કોટેજ છે. હાઈ સ્પીડ વાઈ-ફાઈ ઈન્ટરનેટ કનેકટીવીટી, દરેક રૂમમાં એલઈડી ટીવી, ડિજીટલ ઈન-રૂમ સેફ, ઈન-રૂમ ચા-કોફીની સુવિધા, ઈકોફ્રેન્ડલી બાથરૂમ વગેરે સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ રિસોર્ટસમાં બે ઓન સાઈટ રેસ્ટોરન્ટ છે. સવારે ૭ વાગ્યાથી રાત્રીના ૧૧ વાગ્યા સુધી કાર્યરત રહે છે. શાકાહારી ભોજન, ચા-કોફી, બાઈટ્સ અને મોકટેઈલની વિવિધ સર્વિસ પુરી પાડશે, ઉપરાંત આ રિસોર્ટમાં જીમ, સ્વિમીંગપુલ, મીટીંગ રૂમ, કોન્ફરન્સ રૂમ, બાળકો માટે વિવિધ પ્રકારની ઈન્ડોર-આઉટડોર ગેમ સહીતની અસંખ્ય સુવિધાઓ ઉપલબ્ધ છે. અ રિસોટર્સમાં ૨ અત્યાધુનીક ભવ્ય જોવાલાયક સ્થળ છે. જેમાં ૧૦૩૪ ચો.ફૂટનો 'ડેન' (ગુફા) અને ૨૮૦૦૦ ચો.ફટન 'શેરબાગ' છે. કોઈપણ શુભ પ્રસંગો અને કોર્પોરેટ ઈવેન્ટસ જેવા પ્રસંગો અહીં ઉજવી શકાય છે. આ રિસોર્ટસના ઉદ્દઘાટન પ્રસંગે કંપનીના મેનેજીંગ ડિરેકટર શ્રી સુહેલ કન્નામ્પીલી એ જણાવ્યું હતું કે ધારીમાં લોન્ચ થયેલો અમારો આ રિસોર્ટસ્ટ સહેલાણીઓને મહેમાન નવાજી માટે અસાધારણ અનુભવ આપવાનું વચન આપે છે.

# રાષ્ટ્રીય રાજપૂત કરણીસેનાના ગુજરાત પ્રદેશ મહિલા કાર્યકારી અધ્યક્ષ તરીકે આશાબા વાઘેલાની નિમણુંક

- અખિલ ભારતીય ગૌરક્ષાના સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનના મહામંત્રી અને પ્રભારી તરીકે પણ કરાઈ પસંદગી



ભારત હેડલાઇન, તા.૧૩

રાષ્ટ્રીય રાજપૂત કરણીસેનાના ગુજરાત પ્રદેશ મહિલા કાર્યકારી અધ્યક્ષ તરીકે રાજકોટના આશાબા વાઘેલાની વરણી કરવામાં આવી છે. તેમજ અખિલ ભારતીય ગૌરક્ષા સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનના મહામંત્રી અને પ્રભારી તરીકે પણ તેઓ નિમણુક કરવામાં આવી છે. રાજપૂત કરણી સેનાના ગુજરાત પ્રદેશ મહિલા કાર્યકારી અધ્યક્ષ આશાબાએ રાજસ્થાનમાં રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખદેવસિંહ ગોગામેડીની હત્યાના મામલે ઉગ્ર રજુઆત કરી હતી. તેઓ રાજકોટ શહેર વોર્ડ નંબર ૨ માં ભાજપના સક્રિય સભ્ય તરીકે પણ કાર્યરત છે. તેઓના મો.નં. ૭૦૪૬૪ ૫૦૯૨૫ ઉપર શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે.

# આજીવન કેદની સજા ભોગવતા પાકા કેદીને શરતોને આધીન કાયમી જેલમુક્ત કરવાનો હુકમ

## રાજકોટ સેન્ટ્રલ જેલના પી.આઈ. એમ.આર. ઝાલા, પી.આઈ. બી.બી.પરમાર, જેલર વી.એસ. પારગી તથા સ્ટાફના હરેશભાઈ તથા જયેશભાઈની સરાહના

ભારત હેડલાઇન, તા.૧૩

અધિક પોલીસ મહનિર્દેશક અને જેલોના ઈન્સપેક્ટર જનરલ, ડો. કે.એલ.એન. રાવ દ્વારા આજીવન કેદની સજા પામેલા અને કોરા ૧૪ વર્ષ પુર્ણ કરેલ હોઈ અને જેલમાં સારી વર્તણુક ધરાવતા કેદીઓને વહેલી તકે માફી મળે તે માટેના હકારાત્મક પ્રયત્નો થકી તા.૧૧ ના રોજ ગૃહ વિભાગ, ગુજરાત સરકારના આદેશોનુસાર અત્રેની રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે ઈંડઈ કલમ. ૩૦૨,૧૪૩,૧૪૭,૫૦૪ વિગેરે કલમો હેઠળ આજીવન કેદની સજા ભોગવતા પાકાકેદી નાજાભાઈ જેઠાભાઈ કોડિયાતરનાઓને શરતોને આધીન કાયમી જેલમુક્ત કરવાનો હુકમ થતા તા.૧૨ ના સદર પાકા કેદીને સી.આર.પી.સી-૪૩૨ હેઠળ બાકીની સજા માફ કરી વહેલી જેલ મુક્તિ અંગે થયેલ હુકમની અમલવારી કરી કાયમી જેલમાંથી મુક્ત કરેલ છે. તેમજ તેમના જેલ જીવનના અનુભવો રેકોર્ડીંગ કરવામાં આવેલ



છે તથા તેઓને મોં મીંઠુ કરાવી ધાર્મિક પુસ્તકો તેમજ પોસ્ટની પાસબુક તથા ખાતામાં જમા થયેલ રકમ આપી સમાજમાં પુનઃસ્થાપિત થવા શુભેચ્છાઓ પાઠવેલ છે. આ સમગ્ર પ્રક્રિયામાં રાજકોટ સેન્ટ્રલ જેલના પી.આઈ. એમ.આર. ઝાલા, પી.આઈ. બી.બી.પરમાર, જેલર વી.એસ. પારગી તથા સ્ટાફના હરેશભાઈ તથા જયેશભાઈનાઓએ અસરકારક કામગીરી કરેલ હતી.

# ત્રણ સંતાનોની માતાને માનસિક-શારીરિક ત્રાસ આપતા પતિને સમજાવટથી ઘર-સંસાર બચાવતી અભયમ ટીમ

ભારત હેડલાઇન, તા.૧૩

મહિલાઓના ઉત્કર્ષ અને સશક્તિકરણ અર્થે ગુજરાત સરકાર વ્યાપક યોજનાકીય સહાય અમલીકરણ સાથે સતત અગ્રેસર રહી છે. તેમજ મહિલાઓ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ બની સામાજિક ન્યાયિક લડતમાં પણ હરહંમેશ મદદરૂપ બનતી રહી છે. જેનું જવલંત ઉદાહરણ તરીકે રાજકોટ જિલ્લા ખાતે ૧૮૧ અભયમ એ એક પીડિતાને તેના પતિ દ્વારા અપાતા ત્રાસ અને પીડામાંથી મુક્ત કરાવી સુખી સંસારની અનુભૂતિ પુનઃ જાગૃત કરાવી છે. ગત તા. ૧૨- જુન ના રોજ પડધરી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક પીડીત મહિલાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનમાં ફોન કરી જણાવ્યું કે તેમના પતિએ છ દિવસથી તેણીને ઘરની બહાર કાઢી મુકેલ છે તેથી ૧૮૧ ની મદદની જરૂર છે. જેના પગલે ૧૮૧ ના કાઉન્સેલર વૈશાલીબેન ચૌહાણ, મહિલા કોન્સ્ટેબલ પાયલબેન તેમજ પાયલોટ હિમાંશુભાઈએ સ્થળ પર પહોંચી પીડિત મહિલાની તકલીફ જાણી હતી. મહિલાના કાઉન્સેલિંગ દરમિયાન તેણીએ જણાવેલ કે તેમના લગ્નને ૮ વર્ષ જેટલો સમયગાળો થયો છે, હાલ સંતાનમાં ૩ બાળકો છે. તેના પતિ અવાર-નવાર ઝઘડો કરી માનસિક-શારીરિક ત્રાસ આપે છે અને વારંવાર પિયર મૂકી જતા હોય છે. પીડીત મહિલાના ભાઈ બીમાર હોઈ, મદદ માટે પીડીતાએ પિયર જવાનું કહેતા તેના પતિ તેમને ઝઘડો કરી પિયર મૂકી આવેલ. પીડિત મહિલાના બાળકો પણ તેમના પતિએ પોતાની પાસે રાખ્યા હતા. પીડિતાની વ્યથા સમજી ૧૮૧ ટીમે પીડિતાના પતિને પિયર જવાના કારણે તેમના લગ્ન જીવનમાં આવતી સમસ્યા વિશે સમજાવી અને કાયદાકીય સલાહ-સૂચન માર્ગદર્શન આપ્યુ હતું. પીડિતાના માતાને પણ હાજર રાખી પીડિતાના સાસુ-સસરા, કુટુંબના સભ્યો સાથે વાતચીત કરી સમજાવટ કરતાં પીડિતાના પતિએ તેની ભૂલ સ્વીકાર કરી માફી માગેલ હતી અને હવે પછી તેની પત્નીને હેરાન નહી કરે તેમજ પત્ની અને બાળકોની તમામ જવાબદારીઓ પૂરી કરશે તેવું જણાવેલ હતું. પીડિતાના પતિની જવાબદારી તેના ઘરના વડીલોએ લેતા પતિ-પત્ની વચ્ચે થતા ઝઘડા નું સુખદ નિરાકરણ થયું હતું.

# જબલપુર ડિવિઝનમાં બ્લોકને કારણે વેરાવળ જબલપુર એક્સપ્રેસ ટ્રેન ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

ભારત હેડલાઇન, તા.૧૩

પશ્ચિમ મધ્ય રેલવેના જબલપુર ડિવિઝનમાં આવેલા માલખેડી અને મહાદેવખેડી સ્ટેશનો વચ્ચે એન્જિનિયરિંગના કામ માટે લેવામાં આવેલા બ્લોકને કારણે રાજકોટ ડિવિઝન માંથી પસાર થતી વેરાવળ જબલપુર અને જબલપુર વેરાવળ એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ



કરાયેલા રૂટ પર દોડશે.વેરાવળ થી તા. ૧૫.૦૬, ૧૭.૦૬, ૨૨.૦૬, ૨૪.૦૬, ૨૯.૦૬, ૦૧.૦૭, ૦૬.૦૭ અને ૦૮.૦૭ના રોજ ઉપડનારી ટ્રેન નં ૧૧૪૬૫ વેરાવળ-જબલપુર એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ ભોપાલ-બીના-કટની મુરવારા-જબલપુર ના બદલે ડાઈવર્ટ કરેલા રુટ વાયા ભોપાલ-ઈટારસી-જબલપુર થઈ ને જશે. એ જ રીતે જબલપુર થી તા. ૨૪.૦૬, ૨૮.૦૬, ૦૧.૦૭, ૦૫.૦૭ અને ૦૮.૦૭ ના રોજ ઉપડનારી ટ્રેન નં. ૧૧૪૬૬ જબલપુર-વેરાવળ એક્સપ્રેસ તેના નિર્ધારિત જબલપુર- કટની મુરવારા-બીના-ભોપાલ ના બદલે ડાઈવર્ટ કરેલા રુટ વાયા જબલપુર ઈટારસી ભોપાલ થઈને જશે. રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડી૨–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# શાળા હોસ્પિટલો જેવી છુટછાટ સમાજની વાડીઓ, કોમ્યુનિટી હોલને કેમ નહીં?

- પ્રજાપતિ સમાજ, લોહાણા મહાજન અને સોની સમાજની વાડીઓને લગ્નપ્રસંગો પર સીલ મારી દેવાતા લોકરોષ : અનેક પ્રસંગો રઝળી પડવા ચિંતા
- સંચાલકો ટ્રસ્ટીઓની મળી મીટીંગ : વધુ ૩૧ એકમ સીલ મારી દેતી મહાપાલિકા



ભારત હેડલાઇન, તા.૧૩

રાજકોટમાં ફાયર એનઓસી, બીયુ સહિતની સલામતી વગરની મિલ્કતો સીલ કરવાનું પણ ચાલુ રહ્યું છે. ગઈકાલે વધુ ૩૧ એકમ સીલ કરાયા હતા. તો બે દિવસમાં લોહાણા સમાજની ચાર અને સોની સમાજની બે વાડી સીલ કરવામાં આવતા અનેક પ્રસંગો રઝળી પડે તેવી હાલત છે. અગાઉ પ્રજાપતિ સમાજની વાડી પણ સીલ કરાઈ હતી. આ સંજોગોમાં સમાજના આગેવાનો અને જે તે વાડી, કોમ્યુનિટી હોલના સંચાલકોની મીટીંગ મળવાની છે. શહેરમાં ગઈકાલે શાળા અને હોસ્પિટલો માટે સોગંદનામાના આધારે સીલ ખોલવાની પ્રક્રિયા હળવી કરવામાં આવી છે. પરંતુ અન્ય કોઈ કેટેગરીમાં કોઈ છુટછાટ આપવામાં આવી નથી. છેલ્લા બે દિવસમાં વધુ વાડી, કોમ્યુનિટી હોલને ફાયર સુરક્ષા માટે સીલ મારવામાં આવ્યા છે. પરંતુ હવે સેંકડો પરિવારોના પ્રસંગો રઝળી જાય તેવી હાલત ઉભી થઈ છે. લોહાણા મહાજન હેઠળ કરણપરા, સાંગણવા ચોક, વાણીયાવાડી, કાલાવડ રોડ પર વર્ષો જુની જ્ઞાતિની વાડી આવેલી છે. વર્ષોથી અહીં સમાજના લોકોના લગ્ન સહિતના પ્રસંગ ઉજવાતા હોય છે. આ તમામ જગ્યાએ ફાયર એનઓસીની કાર્યવાહીના ભાગરૂપે સીલ મારવામાં આવ્યા છે. આ જ રીતે ઝાલાવાડી વિશા શ્રીમાળી સહિતની સોની સમાજની બે વાડીને પણ સીલ મારી દેવાયા છે. ગાંધીગ્રામ લાખના બંગલા પાસેની સોરઠીયા પ્રજાપતિ સમાજની વાડી પણ સીલ કરાયેલ છે. સમાજના આગેવાનો કહે છે કે બુકીંગ થઈ ગયેલા પ્રસંગો પર ચિંતા સર્જાઈ છે. હવે પરિવારોને અન્યત્ર કયાંય બુકીંગ પણ મળી શકે તેમ નથી. લગ્ન હોલ માટે પણ નિયમોમાં છુટછાટ આપવી જરૂરી છે. પરંતુ તંત્રએ આ વાત ધ્યાન પર લીધી નથી. હવે જો તત્કાલ છુટછાટ આપવામાં નહીં આવે તો અનેક પરિવારોના પ્રસંગો બગડે તેવી નોબત આવી ગઈ છે. દરમ્યાન કુલ ૮૨ એકમોની ચકાસણી કરવામાં આવતા નિયમ વિરૂદ્ધના ૩૧ એકમો સીલ કરી દેવામાં આવ્યાનું મહાપાલિકાએ જણાવ્યું હતું.

# રવિવારે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ શિબિરનું આયોજન કરાયું



## યોગસેવક શિશપાલની અધ્યક્ષતામાં IDY પ્રોટ્રોકોલ યોગ શિબિર યોજાશે

ભારત હેડલાઇન, તા.૧૩

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી તા.૧૬ જૂનને રવિવારના રોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦ દરમ્યાન સ્વયં અને સમાજ માટે યોગ વિષય પર યોગશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ઈઉઢ પ્રોટ્રોકોલ યોગ શિબિર ચેરમેન યોગસેવક શિશપાલની અધ્યક્ષતામાં યોજાશે. રજીસ્ટ્રેશન માટે પારૂલબેનના મો.નં. ૯૪૨૯૫ ૦૨૧૮૦ ઉપર સંપર્ક કરવા રશ્મિબેન કાચા, પારૂબેન દેસાઈ, નીતિભાઈ કેસરીયા, નિતીનભાઈ પંડયા, અને ધીરૂભાઈ ઠુંમરે જણાવ્યું હતું.

# ખીરસરા જુથ સેવા સહકારી મંડળી લી.ના પ્રમુખ તરીકે ફરી રાજકોટ લોધીકા સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજાની બિન હરીફ વરણી

ભારત હેડલાઇન, તા.૧૩

ખીરસરા રણમલજી જુથ સેવા સહકારી મંડળી લી.ના વ્યવસ્થાપક સમિતિ સભ્યોની મિટિંગ પૂર્વ ધારાસભ્ય



લાખાભાઈ સાગઠીયાની ઉપસ્થિતિમાં મળેલ તેમજ વ્યવસ્થાપક સમિતિના સભ્યો દ્વારા ફરી રાજકોટ લોધીકા સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજાને ખીરસરા રણમલજી જુથ સેવા સહકારી મંડળી લી.ના પ્રમુખ તરીકે બીન હરીફ વરણી કરવામાં આવેલ હતી. વ્યવસ્થાપક સમિતિ સભ્યોમાં લાખાભાઇ સાગઠીયા, રાજેન્દ્રસિંહ જાડેજા, દલસુખભાઈ પીપળીયા, નરશીભાઈ વેકરીયા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, નાથાભાઈ ગાજીપરા, ગોવિંદજી ગોહિલ, પ્રવિણસિંહ ડાભી, રતુભા ડાભી, દિલીપભાઈ કુગશીયા, વિરભાનુભાઈ મેત્રા,મહિલા સભ્ય જ્યોત્સનાબેન જોરીયા, સવિતાબેન વેકરીયા સહિતના વ્યવસ્થાપક સમિતિ સભ્યો દ્વારા નરેન્દ્રસિંહ જાડેજાને સર્વ સહમતીથી ખીરસરા રણમલજી જુથ સેવા સહકારી મંડળી લી.ના પ્રમુખ તરીકે બીન હરીફ વરણી કરેલ હતી.

# મધુરમ કલબ દ્વારા બાળકો માટે સિંગિંગ કોમ્પિટિશન સંપન્ન

- વિજેતા બાલ કલાકારોને મહાનુભાવોના હસ્તે ઈનામો એનાયત થશે

ભારત હેડલાઇન, તા.૧૩

વિવિધ ક્ષેત્રે સામાજિક સેવાયજ્ઞ પ્રજ્વલિત કરી રહેલી સેવાભાવી સંસ્થા મધુરમ કલબ સંચાલિત ચિલ્ડ્રન ક્રિએટીવીટી ડેવલપમેન્ટ સોસાયટી (એમ.સી.સી.) રાજકોટ દ્વારા તાજેતરમાં વિવિધ વયજૂથના બાળકો માટે સિંગિંગ કોમ્પીટીશન યોજવામાં આવી હતી અને તેમાં મોટી સંખ્યામાં ઉભરતા કલાકારોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા થયેલા બાળ કલાકારોને વિવિધ મહાનુભાવોના હસ્તે આકર્ષક ઈનામો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પુજારા ટેલીકોમનાં યોગેશભાઈ પુજારા, બિલ્ડર કિરીટભાઈ પટેલ, જીનીયસ સ્કુલનાં ડી.વી. મહેતા, જૈન અગ્રણી સુનીલભાઈ શાહ, સનાતન ધર્મ રક્ષક સમિતિનાં અધ્યક્ષ વિજયભાઈ વાંક, સામાજિક અગ્રણી યોગીનભાઈ છનીયારા, એડવોકેટ કેયુરભાઈ રૂપારેલ, સંગીત તજજ્ઞ બલરાજભાઈ ચૌધરી, મનીષભાઈ પટેલ, સુરેશભાઈ વેકરીયા, ડો. પારસ શાહ, ડો. મનીષ પાઠક, કરણી સેનાનાં આશાબા જાડેજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કોમ્પિટિશનમાં ગ્રુપ-એ (૬ થી ૧૦ વર્ષ )માં પહેલા નંબરે હર્શિવ કોટેચા,



બીજા નંબરે આદિત્ય હરિયાણી અને ત્રીજા નંબરે જેસિકા ડ્લીમા વિજેતા થયા હતા. ગ્રુપ-બી ( ૧૧ થી ૧૪ વર્ષ )માં પ્રથમ નંબરે પ્રીન્સી ચાવડા, બીજા નંબરે તનુજા કાકૈયા અને ત્રીજા નંબરે સંધ્યા ગોસ્વામી તથા સી ગ્રુપ ( ૧૫ થી ૧૮/૧૯)માં પ્રથમ ધાર્મિક ઢાંકેચા, બીજા નંબરે કહાન વર્મા અને ત્રીજા નંબરે સારંગ કાચા વિજેતા બન્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મધુરમ કલબના હોદેદારો પરેશભાઈ વાઘાણી, સંદીપભાઈ કલ્યાણી, આશિષભાઈ મહેતા, અમિતભાઈ ભીંડે, અમિતભાઈ રૂપારેલીયા, મનીષભાઈ કક્કડ, નયનભાઈ જીવરાજાની, પ્રદીપભાઈ તન્ના, વિરાજભાઈ દવે, રાજેશ દાવડા, પ્રતિમાબેન વ્યાસ, માયાબેન મણીયાર, પુષ્પાબેન રાઠોડ, શિલ્પાબેન પુજારા, માલાબેન પાઠક, જલ્પાબેન ઠકરાર, વિશાખા વસાણી, રિયા કલ્યાણી, કૃષા ભીંડે, પ્રિયાંશ મહેતા અને શ્યામ રૂપારેલીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ અગ્નિકાંડની ઘટના સત્તાધીશોની નજરમાં આવવા ન દેવા ફાયર બ્રિગેડે ખેલ કર્યો હતો

- મનપાની ટીપી શાખાના ૨૦ અધિકારીઓને પુછપરછ માટે ક્રાઇમ બ્રાંચે બોલાવી
- એટીપી, એન્જીનીયર સહિતના સ્ટાફના નિવેદન લેવાયા : લોગબુકની નોંધ અંગે તપાસ

ભારત હેડલાઇન, તા.૧૩

રાજકોટના નાના મવા રોડ પર આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગની કરૂણ દુર્ઘટનાની તપાસ સરકાર જરા પણ ઠંડી પડવા દેતી નથી. અર્ધો ડઝન અધિકારીઓ જેલમાં ગયા છે ત્યારે તપાસના કેન્દ્રમાં રહેલી મહાપાલિકાની ટીપી શાખાના અધિકારીઓ પર પૂછપરછ અને તપાસની ગાજ વરસી રહી છે. સ્થાનિક કક્ષાએ સીટના માર્ગદર્શન હેઠળ તપાસ કરતી ક્રાઇમ બ્રાંચમાં ૨૦ જેટલા ટીપી અધિકારીઓને બોલાવીને ઉંડી પુછપરછ હાથ ધરવામાં આવ્યાનું જાણવા મળ્યું છે. ટીઆરપી ગેમ ઝોનને ડિમોલીશનની નોટીસ આપવા, આ નોટીસ દબાવી દેવા, છેલ્લે તાત્કાલીક જુના રોજકામ ઉભા કરવા સહિતની બાબતે ૨૦૨૧થી ૨૦૨૪ સુધી ફરજ બજાવી ગયેલા અધિકારીઓના નિવેદન પણ નોંધવામાં આવ્યા છે. હજુ ટીપી સહિતની શાખાઓમાંથી પુછપરછ માટે અધિકારીઓને બોલાવવાનું ચાલુ રાખવામાં આવશે તેવું પોલીસ સુત્રોએ કહ્યું છે. ગત તા.૨૫ ના રોજ ટીઆરપી ગેમ ઝોનમાં આગ લાગી તેમાં ૨૭ નિર્દોષ જિંદગીઓ ભસ્મ થઇ ગઇ હતી. આ પ્રકરણમાં પોલીસ, મનપા, માર્ગ-મકાન, પીજીવીસીએલ સહિતના તંત્રની ઘોર બેદરકારી બહાર આવતા ઉચ્ચ અધિકારીઓની ધરપકડ, સસ્પેન્ડ સહિતના પગલા લેવામાં આવ્યા છે. તો મ્યુનિ. કમિશ્નર અને પોલીસ કમિશ્નરની બદલી પણ કરી નાખવામાં આવી છે. સીટ કક્ષાએ તપાસ ચાલુ છે અને હાઇકોર્ટ જવાબ લઇ રહી છે. આ પ્રકરણમાં મનપાના ટીપીઓ એમ.ડી. સાગઠીયાની ધરપકડ, રીમાન્ડ બાદ તેમની સામે એસીબીની તપાસ પણ ચાલુ છે. ડે.ફાયર ઓફિસર ઠેબા સામે અપ્રમાણસર મિલ્કતનો ગુનો નોંધવામાં આવ્યો છે. અગાઉ કાલાવડ રોડના ફાયર સ્ટેશન ઓફિસર અને બે એટીપી સસ્પેન્ડ થઇ ચૂકયા છે. ધરપકડ પહેલા ટીપીઓએ શાખાની લોગબુકમાં છેલ્લા સમયની કામગીરીનું રોજકામ કરાવી તાત્કાલીક અધિકારીઓની સહી કરાવી હતી. આ સહી દબાણથી કરાવ્યાનો આરોપ પણ તેમની ઉપર લાગ્યો છે. આથી આ કેસની પણ ઉલટ તપાસ માટે મંગળવારે સાંજથી ટીપી શાખાના તમામ અધિકારીઓના નિવેદન લેવામાં આવ્યા છે. ૨૦ જેટલા એટીપી, ડે.ઇજનેર સહિતની પુછપરછ કરવામાં આવી છે. લોગબુકથી માંડી વર્ષો પહેલાની ડિમોલીશનની નોટીસ અંગે પણ વેરીફીકેશન કરવામાં આવી રહ્યું છે. દરમ્યાન એક વર્ષ પહેલા પણ ગેમ ઝોનમાં આગ લાગ્યાની ઘટના કઇ રીતે દબાવી દેવામાં આવી તે વિગતો બહાર આવી રહી છે. હાઇકોર્ટમાં તો સરકારે તારીખ સાથેનો રીપોર્ટ આપી દીધો છે.

સ્ટેશન ઓફિસરની પુછપરછમાં રેકર્ડ પર નહીં લેવાયેલ આ ઘટના બહાર આવી ગઇ હતી. ફાયર શાખાની અઠવાડિક કામગીરીનો રીપોર્ટ વહીવટી અને શાસક પાંખને મોકલવામાં આવે છે. પરંતુ હોશિયારીથી આ ઘટનાની કોઇ નોંધ ઉચ્ચ સત્તાધીશો સુધી ન પહોંચી તેવી મોટી રમત થઇ ગઇ હતી. આ વાત પણ તપાસમાં બહાર આવી ગઇ છે. હાલ ૨૦૨૧ થી ૨૦૨૪ સુધી ટીપી શાખામાં ફરજ બજાવનાર અધિકારીઓની પુછપરછ થઇ રહી છે તો વોર્ડ નં.૧૦ના તમામ અધિકારીઓનો વારો આ પુછપરછમાં આવી ગયો છે. હજુ લાગુ શાખા, પ્રક્રિયા સાથે જોડાયેલા સ્ટાફને બોલાવીને જવાબ લેવાનું ચાલુ છે તેવું ક્રાઇમ બ્રાંચના સુત્રોએ કહ્યું છે.

# LLMની આઠ ખાનગી કોલેજોના વિદ્યાર્થીઓને સૌરાષ્ટ્ર યુનિ.ના ભવનમાં કરાશે તબદીલ

- ચાર કોલેજોના સ્થળ ફેરફારને સૌરાષ્ટ્ર યુનિ.ની બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં મંજૂરી : પ્રોફેસર કલાધર આર્યને પુનઃ ફરજ પર લેવાની દરખાસ્ત પેન્ડીંગ



ભારત હેડલાઇન, તા.૧૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બોર્ડ ઓફ મેનેજમેન્ટની કુલપતિ નીલાંબરીબેન દવેના અધ્યક્ષતા સ્થાને મળેલી બેઠકમાં એલએલએમની આઠ ખાનગી કોલેજોના વિદ્યાર્થીઓને યુનિ. ભવનમાં તબદીલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. અહીં એ ઉલ્લેખનીય છે કે યુનિ.ના તત્કાલીન કુલપતિ ડો.ભીમાણીના સમયકાળમાં આ કોલેજોને મંજૂરી આપવામાં આવી હતી. જો કે એલએલએમની ખાનગી કોલેજોની મંજૂરીના મુદ્દે વિવાદ જાગતા આ પ્રકરણમાં કાનુની જંગના મંડાણ થવા પામેલ હતા જેમાં અગાઉ આ કોલેજોના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા માટે યુનિ.ના ગુજરાત હાઇકોર્ટે ડાયરેકશન આપ્યું હતું. આ દરમ્યાન મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની મીટીંગમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિવિધ એકેડેમિક અને વહીવટી બાબતો પરત્વે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. બોર્ડ ઓફ મેનેજમેન્ટની મીટીંગમાં એલએલએમની આ આઠ ખાનગી કોલેજોના વિદ્યાર્થીઓને યુનિ. ભવનમાં તબદીલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. આ ઉપરાંત આ બેઠકમાં જનરલ સ્ટેશનરી, પેપર કવર અને કન્ઝ્યુમેબલ આઇટમોનો કોન્ટ્રાક્ટ લંબાવવા માટે નિર્ણય કરવામાં આવેલ હતો. તેમજ બી.સી.એ. સેમેસ્ટર-૪ વર્ષ ૨૦૨૨ ના અભ્યાસક્રમની લેવામાં આવેલ પરીક્ષાના પ્રશ્નો હેન્ડરીટન વોટસએપ સ્ક્રીનશોર્ટ રૂપે મિડીયા દ્વારા બહાર પડેલ, જેના ૪૫ માર્કસના પ્રોરેટા કરી તેનું મુલ્યાંકન કરાવવા વિદ્યાર્થી હિતમાં નિર્ણય કરવામાં આવેલ. આ ઉપરાંત દીવ સરકારી કોલેજને ગુજરાત યુનિવર્સિટીમાં જવા માટે એનઓસી આપવાની બાબતને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ હતી. તેમજ બાપા સીતારામ ટ્રસ્ટ સંચાલિત આર્ટસ કોલેજ, રાજુલાના સ્થળ ફેરફારની બાબત મંજુર કરવામાં આવેલ હતી તથા સવજીભાઇ કોરાટ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત નારાયણી એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યુટ, રાજકોટને સ્થળ ફેરફારની બાબત મંજુર કરવામાં આવેલ હતી.



# વિશ્વ વણિક સંગઠન અને રોયલ વણિક મેરેજ બ્યુરો આયોજીત પસંદગી મેળાવડો સંપન્ન

ભારત હેડલાઇન, તા.૧૩

નવનાતના વિશ્વ વણિક સંગઠન અને રોયલ વણિક મેરેજ બ્યુરોના સંયુકત ઉપક્રમે પસંદગી મેળાવડાનું તા.૯ને રવિવારે આયોજન કરવામાં આવ્યું હતું.વિશ્વ વણિક સંગઠનના ઉપક્રમે યોજાયેલા પસંદગી મેળાવડામાં ૪૦૦ થી વધુ નવનાત વણિક પરિવારના સભ્યોએ રોયલ વણિક મેરેજ બ્યુરોમાં ભાગ લીધો હતો. આ તકે ચંદ્રકાંતભાઇ શેઠની આગેવાનીમાં ચેતનભાઇ વખારીયા, દીપકભાઇ કોઠારી, નયનાબેન વખારીયા, દીપકભાઇ કોઠારી, નયનાબેન મોદી, રીદ્ધીબેન બાવીસી, સંજયભાઇ મહેતા,પરેશભાઇ મહેતા, મુકેશભાઇ ઝાટકીયા, વિધિબેન મહેતા, બીપીનભાઇ પારેખ, જગુભાઇ દોશી, પારસભાઇ, વેદિતભાઇ શેઠ, હર્ષભાઇ, હર્ષાબેન બોરમીયા, હેમલતાબેન, દિલીપભાઇ સહિત અનેક કાર્યકર્તાઓએ સેવા આપી હતી.દીપ પ્રાગટ્ય શિલ્પા જવેલર્સના પ્રભુદાસભાઇ પારેખ, શેઠ ઉપાશ્રયના સેક્રેટરી નયનાબેન મોદી, રોયલ પાર્કના બીપીનભાઇ પારેખ, અશોકભાઇ મોદી, પ્રશાંતભાઇ શાહ, ચંદ્રકાંન્તભાઇ શેઠ દ્વારા કરવામાં આવ્યું હતું.જે સભ્ય રોયલ મેરેજ બ્યુરોના સભ્ય બન્યા હશે તે સભ્યને દર રવિવારે સવારે ૯ થી ૧ વણિક ભવન શેઠ ઉપાશ્રય ૧૫૦ રીંગરોડ ખાતે બાયોડેટા જોવા મળશે. ફીમેલ ઉમેદવાર માટે નિઃશુલ્ક રાખેલ છે.